## <u>સુરતના મે.જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ સાહેબ (ત્રીજી) કોર્ટમાં</u>

**ફોજદારી કેસ નંબર -**

**આંક -**

**ફરિયાદી - સરકારશ્રી**

**વિ.**

**આરોપી - , ઉ.વ.**
**ધંધો-**
**રહે -**

**ગુના કલમ - ઈ.પી.કો.કલમ ૨૮૩ મુજબ.**

(૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનો આરોપીએ ચાર્જશીટમાં કોલમ નં ૧૬ની વિગતે જણાવેલ તારીખે, સમયે અને સ્થળે જાહેર રોડ પર પોતાના કબજાનું વાહન જાહેર રોડ ઉપર મુકી રાહદારી તથા ટ્રાફિકને અડચણરૂપ થાય તે રીતે રાખી પકડાઈ જતાં આરોપી સામે ઈ.પી.કો.કલમ ૨૮૩ મુજબનો પોલીસે ગુનો દાખલ કરી આ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) આરોપીએ સદર ચાર્જશીટમાં જ્યારે અદાલત દ્વારા સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ ત્યારે આરોપીને સમન્સની બજવણી થતા આરોપી ગુનાની કબુલાત કરવા ઈચ્છતા હોય તે સબબની લેખિતમાં કબુલાત પુરસીસ આ કામના ત.ક.અમલદાર દ્વારા દંડની રકમ ભરીને અત્રેની અદાલતમાં મોકલવામાં આવેલ છે જે આ કામે આંક ૨ થી રજુ કરેલ છે.

(૩) આમ સદર કેસ ઈ.પી.કો.કલમ ૨૮૩ અન્વયે નોંધાયેલ હોય અને આરોપીએ ક્રિ.પો.કો.કલમ ૨૦૬ અન્વયે ગુનાની કબુલાત કરી દંડની રકમ અત્રેની અદાલતમાં લેખિતમાં પુરસીસ આપીને જમા કરાવેલ હોય આરોપીની દંડની રકમ સ્વીકારી તેમજ આરોપીની આર્થિક પરિસ્થિતિ ધ્યાને લેતા અને આરોપી સ્વેચ્છાએ રાજીખુશીથી કબુલાત કરેલ છે. આમ ઉપરોક્ત સંજોગો ધ્યાને લેતા આરોપીનો આ પ્રથમ ગુનો છે પોતાને આ પહેલી ભુલ બદલ હળવી સજા કરવા દયાની અરજ કરે છે, જે તમામ સંજોગો ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**- - હુ ક મ--**

આરોપીને ક્રિ.પો.કોડની કલમ-૨૫૨ અન્વયે ઈ.પી.કો.કલમ ૨૮૩ મુજબનો ગુનો કબુલ કરતા હોઈ, આરોપીને તક્સીરવાર ઠરાવું છું. આરોપીને રૂ.૫૦/- અંકે પચાસ પુરાનો દંડ ફરમાવવામાં આવે છે.

મુદ્દામાલ તેના માલીકીની ખાત્રી કરી તેને સોંપી દેવો.

આ હુકમ આજરોજ તારીખ - ૧૩ / ૦૫ /૨૦૨૩ના રોજ નેશનલ લોકઅદાલત ની સ્પેશીયલ સીટીંગ માં વાંચી સંભળાવી જાહેર કર્યો.
તા.૧૩/૦૫/૨૦૨૩
સુરત.

ઈ.ચા. જ્યુડી.મેજી.ફ.ક.(ત્રીજી)કોર્ટ,સુરત